सत्यमेव जयते

**Lalit Narayan singh Sandu, IAS**

સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સમગ્ર શિક્ષા

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ

**સમગ્ર શિક્ષા**

સેકટર નં. ૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૭, ગુજરાત રાજય
ફોન નં. :૦૭૯–૪૩૧૩૩
ફેકસ :– ૦૭૯–૨૩૨૩૨૪૩૬
ટોલ ફ્રી નંબર : ૧૮૦૦–૨૩૩–૭૯૬૫
ઈમેલ:spdssa@gmail.com

---

ક્રમાંક: એસએસએ/MIS/2024/ 42389 - 42460 તારીખ: 23/09/2024

પ્રતિ,

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા: તમામ

(૨) જિલ્લા પ્રોજેકટ કો. ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રોજેકટ કચેરી, સમગ્ર શિક્ષા
જિલ્લા: તમામ

(૩) શાસનાધિકારીશ્રી, નગરપ્રાથમિક શિક્ષણ સમિતિ: અમદાવાદ, રાજકોટ, વડોદરા અને સુરત.

**વિષય: વિદ્યાર્થીઓના Automated Permanent Academic Account Registry (APAAR) IDs બનાવવા બાબત.**

**સંદર્ભ:-** (૧) શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર ક્રમાંક: D.O.No. 23-4/2023-Stats,તા. ૧૧/૧૦/૨૦૨૩.

(૨) શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર ક્રમાંક: D.O.No. 1-27/2023-DIGED-Part(1), તા. ૦૨/૦૯/૨૦૨૪.

(3) શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર ક્રમાંક: File No.: 1-27/2023-DIGED, તા. ૧૭/૦૯/૨૦૨૪.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા **"એક રાષ્ટ્ર, એક વિદ્યાર્થી ID"** ના ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવાના પ્રયાસમાં વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ અને સિદ્ધિઓને ટ્રેક કરવા દરેક વિદ્યાર્થી માટે એક અનન્ય **"ઓટોમેટેડ પરમેનેન્ટ એકેડેમિક એકાઉન્ટ રજિસ્ટ્રી (APAAR)" ID** બનાવવામાં આવનાર છે જે શૈક્ષણિક સંસાધનોને ઉપયોગ કરવામાં પણ મદદરૂપ થશે અને કાયમી રહેશે.

**APAAR ID**એ ડિજીલોકર ઇકોસિસ્ટમને ઉપયોગ કરવા માટેનું **GATEWAY** છે જે વિદ્યાર્થીઓને **EXAM RESULTS, HOLISTIC** રિપોર્ટ કાર્ડ, **LEARNING OUTCOMES** ઉપરાંત અન્ય સિદ્ધિઓ જેવી કે, ઓલિમ્પિયાડ, રમતગમત, કૌશલ્ય પ્રશિક્ષણને ડિજિટલી સ્ટોર કરવાની મંજૂરી આપવામાં આવશે. આ ક્રેડિટ સ્કોરનો ઉપયોગ વિદ્યાર્થીઓ ભવિષ્યમાં તેમના ઉચ્ચ શિક્ષણ અને રોજગાર હેતુ માટે કરી શકશે.

**Ministry of Education** દરેક વિદ્યાર્થીના આધાર નંબરના આધારે **APAAR ID** જનરેટ કરશે જેના માટે વિદ્યાર્થીના માતાપિતાની અલગ સંમતિ **Annexure-I**માં જરૂરી છે. આ રીતે એકત્રિત કરવામાં આવેલ ડેટાને ગોપનીય રાખવામાં આવશે અને આધાર નંબરને માસ્ક કરીને અન્ય સરકારી વપરાશકર્તાઓ સાથે ડેટા શેર કરવામાં આવશે.

સંદર્ભ-૩થી શાળા શિક્ષણ અને સાક્ષરતા વિભાગ, શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા **APAAR** અંગે રાજ્ય સાથે વિડીયો કોન્ફરન્સથી થયેલ ચર્ચા મુજબ **APAAR**ના અમલીકરણ અને રોલઆઉટ માટે રાજ્ય કક્ષાએ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રીની સ્ટેટ નોડલ ઓફિસર તરીકે, સ્ટેટ એમ.આઈ.એસ.કો.ઓર્ડિનેટરશ્રીની આસિસ્ટન્ટ નોડલ ઓફિસર તરીકે અને જિલ્લા કક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની જિલ્લા નોડલ ઓફિસર તરીકે નિયુક્ત કરવામાં આવે છે.

જિલ્લાકક્ષા/શાળાકક્ષાએ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/આચાર્ય/મુખ્ય શિક્ષકશ્રી દ્વારા વિદ્યાર્થીના **APAAR ID** જનરેટ કરવા અંગેની કામગીરી માટે નીચેની બાબતો ધ્યાનમાં રાખી જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી દ્વારા કાર્યક્ષેત્રમાં આવતી જિલ્લાની તમામ શાળાઓના આચાર્ય/મુખ્ય શિક્ષકશ્રીઓને દરેક વિદ્યાર્થીના **APAAR ID** જનરેટ કરવા માટે માતાપિતા/વાલીની સંમતિ **Annexure-I** પત્રક તથા **APAAR ID** અંગેનું સાહિત્ય મોકલી આપવાનું રહેશે.

(૨) શાળા કક્ષાએ APAAR IDના સંદર્ભમાં શાળાના તમામ વિદ્યાર્થીના માતાપિતા સાથે વાલી મિટિંગ યોજી **APAAR ID**ની ઉપયોગિતા વિશે માહિતગાર કરી માતાપિતા/વાલીની **Annexure-Iમાં** સંમતિ મેળવવાની રહેશે તેમજ માતાપિતા/વાલીના **ADHAAR CARD** અથવા અન્ય કોઇ ફોટો આઈડી પ્રૂફ મેળવી શાળા કક્ષાએ જાળવવાની રહેશે.

(૩) વિદ્યાર્થીના આધાર નંબર થકી જ **APAAR ID** જનરેટ થશે જેથી શાળા દ્વારા **UDISE+ Portal**માં જે વિદ્યાર્થીઓના **ADHAAR CARD**ની વિગત ઉપલબ્ધ નથી તેવા કિસ્સામાં **ADHAAR CARD**ની માહિતી મેળવી **UDISE+ Portal**માં **Update** કરવાની રહેશે.

(૪) શાળા દ્વારા **UDISE+ Portal**માં વિદ્યાર્થીના નામ, પિતાનું નામ, માતાનું નામ, લિંગ/જાતિ, જન્મતારીખ વગેરે વિગતની **ADHAAR CARD** મુજબ ખરાઈ કરવાની રહેશે જો તેમાં કોઈ ભૂલ/ક્ષતિ જણાય તો શાળા કક્ષાએથી અથવા તાલુકા/જિલ્લા કક્ષાએથી સુધારવાની રહેશે.

(૫) વિદ્યાર્થીઓના માતાપિતા/વાલીની **Annexure-Iમાં** મેળવેલ સંમતિને આધારે શાળાકક્ષાએથી UDISE+ પોર્ટલમાં વિદ્યાર્થીઓના **APAAR ID Generate** કરવા સંમતિની વિગતો ઓનલાઈન ભરી આગળની કાર્યવાહી કરવાની રહેશે.

(૬) **APAAR ID Generate** થયા બાદ વિદ્યાર્થીઓને તેની વિગત શાળા દ્વારા આપવાની રહેશે.

સદર બાબતે ઉપરોક્ત વિગતો ધ્યાને લઈ શિક્ષણ મંત્રાલય, નવી દિલ્હી દ્વારા તા.૨૦/૦૯/૨૦૨૪ના રોજ **APAAR** અંગે રાજ્યો સાથેની વિડીયો કોન્ફરન્સમાં થયેલ ચર્ચા મુજબ ધોરણ ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓના **APAAR ID Generate** કરવા અંગે પ્રાથમિક્તા આપી તા.૧૫/૧૦/૨૦૨૪ સુધીમાં તમામ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કામગીરી પૂર્ણ કરે તે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ સુનિશ્ચિત કરવાનું રહેશે. ત્યારબાદ પૂર્વ પ્રાથમિક થી ધોરણ-૮ સુધીના તમામ વિદ્યાર્થીઓના **APAAR ID Generate** કરવા અંગેની કામગીરી સંલગ્ન શાળાઓ હાથ ધરે તે અંગેનું આયોજન કરવા જણાવવામાં આવે છે.

બિડાણ:- (૧) સંદર્ભદર્શિત પત્રની નકલ
(૨) માતાપિતાની સંમતિ પત્રક Annexure-I
(૩) **APAAR ID** અંગેનું સાહિત્ય

Lalit Singh 23/9

(લલિત નારાયણ સિંઘ સાંદુ)

નકલ સવિનય રવાના જાણ સારૂ:

– માન. અગ્ર સચિવશ્રી (પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં. ૫, ૭મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.